તા. ૦૫.૦૯.૨૦૧૪

પ્રતિ,
શ્રીમતિ આનંદીબેન પટેલ
મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજય.

વિષયઃ- પેઇડ એફ.એસ.આઇ.ના ભરવાના થતા નાણાં બમણા કરવા બાબત તથા અત્યારે માર્જીનમાં રેમ્પ ની નવી જોગવાઇ લાગુ પાડવા બાબત...

મહેરબાન સાહેબશ્રી,

ઉપરોકત વિષય અન્વયે સમાચારના માધ્યમથી નીચેની વિગતો જાણવા મળે છે. જેની અસર બાંધકામ સાથે સંકળાયેલ બિલ્ડર્સ મિત્રો અને ગ્રાહકને સીધી થતી હોય એ અંગે અમારા સૂચનો સાંભળી યોગ્ય નિર્ણય લેવા અથવા આ અંગે જરૂરી વિચારોની આપ-લે કરવા અમારો નમ્ર આગ્રહ છે.

૧. જંત્રીના પેઇડઅપ એફ.એસ.આઇ.ના મિનીમમ ભાવને બમણા કરવામાં આવેલ છે. ઉપરોકત નિર્ણય અંગે જણાવવાનુ કે હાલ રીયલ એસ્ટેટ માર્કેટ મંદીના સમયમાંથી પસાર થઇ રહેલ છે. આ નિર્ણયની સીધી અસર જુના થયેલા જમીનના કન્ડીશનલ સોદાઓને તથા જુના વેચાણ કરેલા ફલેટોના ગ્રાહકોને થાય છે. તો તે અંગે ફેર વિચારણા કરવા નમ્ર અરજ છે.

૨. જંત્રી રેટના ૨૦% ને બદલે ૪૦% ભાવની પેઇડઅપ એફ.એસ.આઇ. આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે જે અંગે આપને સ્પષ્ટ કરવાનુ કે હાલ જે શહેરોમાં ૪૦% રેટથી એફ.એસ.આઇ.આપવામાં આવે છે તે મહત્તમ મળતી એફ.એસ.આઇ.ના ૫૦% જેટલી

થાય છે. જયારે આપણા સુરત શહેરમાં એ ૨૫% જેટલી જ છે, એટલે કે ૨૦% એ ૨૫% એફ.એસ.આઇ. જયારે ૪૦% અ ૫૦% એફ.એસ.આઇ. જો ૪૦% જંત્રી રેટને મંજૂર કરવામાં આવે તો પેઇડાપ એફ.એસ.આઇ.પણ ૫૦% મળવો જોઇએ. જે અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે. તો ઉપરોકત વિષય અન્વયે ફેરવિચારણા કરી નિર્ણય લેવામાં આવે એવી અમારી નમ્ર અરજ છે.

આપના સહકારની અપેક્ષા સહ,

લિ.
વેલજીભાઇ શેટા
(પ્રમુખ)
ક્રેડાઇ-સુરત